# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-02-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, દાંડી મીઠા સત્યાગ્રહને કારણે કરાડી ગામ ઇતિહાસમાં અમર થઈ ગયું છે
2. અમદાવાદ બાદ સુરત, વડોદરા અને રાજકોટથી પણ મહાકુંભ જવા માટે વોલ્વો બસ સેવા શરૂ કરાશે
3. રાજકોટમાં નવમા ભારતીય ઔદ્યોગિક મેળાનો પ્રારંભ
4. સાપૂતારામાં ખાનગી બસ ખીણમાં પડતાં 5 ના મોત -24 ને ઈજા
5. આજે આંતરરાષ્ટ્રીય જળપ્લાવિત દિવસની થઈ રહેલી ઉજવણી
6. જૂનાગઢમાં આજે 17 મી રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઇ

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# NAVSARI-CM-C R PATIL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જળશક્તિમંત્રી સી આર પાટિલ આજે નવસારીની કરાડી રાષ્ટ્રીય શાળાના શતાબ્દી મહોત્સવમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે દાંડી નમક સત્યાગ્રહને કારણે કરાડી ગામ ઇતિહાસમાં અમર થઈ ગયું છે. દેશના ઐતિહાસિક વારસા સમાન દાંડીની વિશ્વના લોકો મુલાકાત લે છે. અને તેનો ગૌરવ કરે તે માટે પ્રધાનમંત્રીએ દાંડી મેમોરિયલનો વિકાસ કર્યો છે.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિમંત્રી સી આર પાટિલે “ધનસંપતિની જેમ જળસંચય કરો” નો અનુરોધ કર્યો હતો

**(BYTE : C. R. PATIL , કેન્દ્રીય જળશક્તિમંત્રી)**

# CM MARATHON-VADODARA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વહેલી સવારે વડોદરાના નવલખી મેદાન ખાતેથી વડોદરા આંતરરાષ્ટ્રીય મેરેથોનની ૧૨ મી આવૃતિનો પ્રારંભ કરાવ્યો હતો. આ મેરેથોનમાં ૧ લાખ ૨૦ હજાર નાગરિકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. દિવ્યાંગો, વરિષ્ઠ નાગરિકો પણ આ મેરેથોનમાં જોડાયા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આ મેરેથોનની હેરિટેજ થીમના કારણે દેશ-વિદેશના દોડવીરો વડોદરાના સાંસ્કૃતિક, ગૌરવશાહી અને ઐતિહાસિક વારસા અને વિકાસને જાણશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, આ વખતના ખેલ મહાકુંભમાં ૭૧ લાખ જેટલા રમતવીરોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા નોંધણી કરાવી છે.

વડોદરા આંતરાષ્ટ્રીય મેરેથોનની સાથે અહીં ઉપસ્થિત હજારો દોડવીરોએ એક સાથે માર્ગ સુરક્ષાના શપથ ગ્રહણ કર્યા હતા અને તેની નોંધ વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડ લંડન દ્વારા લેવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીના હસ્તે આ વિશ્વવિક્રમનું પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

# VALSAD- VIMS LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વલસાડ ખાતે ૧૮૮ બેડની મલ્ટી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ વલસાડ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (VIMS)નું લોકાર્પણ કર્યું.

આ સમારોહમાં નાણાંમંત્રી કનુ દેસાઈ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ હોસ્પિટલની મુખ્ય સુવિધાઓ જેવીકે તબીબી, સર્જીકલ, કાર્ડિયાક અને આઇસોલેશન કેસો માટે ૧૨ - બેડના NICU અને આઇસોલેશન ICU સાથે ૩૪ - બેડના ICU જેવા વિશિષ્ટ ઇન્ટેન્સિવ કેર યુનિટ, અદ્યતન ડાયગ્નોસ્ટિક કેથ લેબ, સર્જીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જનરલ ઓપીડી, ઈમરજન્સી રૂમ તથા મોડ્યુલર ઓપરેશન થિયેટર, મેમોગ્રાફી, ડિજિટલ એક્સ-રે, સીટી સ્કેન અને એમ આર આઈ સુવિધાઓ સાથે રેડિયોલોજી વિભાગની પણ મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, હોસ્પિટલમાં જનરલ મેડિસિન, પિડીયાટ્રીક્સ, ગાયનેકોલોજી, ઓર્થોપેડિક્સ, ઇએનટી અને અન્ય સુવિધાઓ સહિત તબીબી વિશેષતાઓની પૂરી પાડવામાં આવશે. ઉપરાંત આ હોસ્પિટલમાં કાર્ડિયોલોજી, ન્યુરોસર્જરી, યુરોલોજી, હેમેટોલોજી અને ઓન્કો-સર્જરી જેવા ક્ષેત્રોમાં સુપર-સ્પેશિયાલિટી સેવાઓ પ્રદાન કરાશે.

# MAHAKUMBH-NEW VOLVO BUS SEWA

રાજ્યના શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની પવિત્ર ડૂબકી લગાવી શકે તે માટે રાજ્ય સરકારે ચોથી ફેબ્રુઆરીથી પાંચ નવીન વોલ્વો બસ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ST દ્વારા અમદાવાદથી વધુ એક, સુરતથી બે, વડોદરા અને રાજકોટથી એક-એક વોલ્વો બસ પ્રયાગરાજ મહાકુંભ માટે શરૂ કરવામાં આવશે.

રાજ્યના શ્રદ્ધાળુઓ માટે પ્રયાગરાજ મહાકુંભ માટેનો પ્રતિ વ્યક્તિ પેકેજ, અમદાવાદથી રૂ. ૭૮૦૦, સુરતથી ૮૩૦૦, વડોદરાથી ૮૨૦૦ તથા રાજકોટથી ૮૮૦૦ નિયત કરવામાં આવ્યું છે.

આ નવીન સેવાઓનો લાભ લેવા શ્રદ્ધાળુઓ આજથી એસ.ટી નિગમની વેબસાઈટ www.gsrtc.in પરથી સાંજે ૫ વાગ્યા પછી  ઓનલાઈન બુકિંગ કરાવી શકશે.

# BHARATIY UDHYOG MELA-RAJKOT

લઘુ ભારતી અને ગવર્મેન્ટ ઇ-માર્કેટ પ્લેસ જેમના સંયુક્ત ઉપક્રમે રાજકોટ ખાતે નવમા ભારતીય ઔદ્યોગિક મેળા-૨૦૨૫નો શુભારંભ થયો છે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું કે અંદાજપત્ર ૨૦૨૫માં MSMEના વિકાસ માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સુક્ષ્મ ઉદ્યોગો માટે પાંચ લાખ સુધીની સહાયને દસ લાખ સુધીની કરવામાં આવી છે. MSMEમાં પાંચ કરોડથી ૧૦ કરોડ ક્રેડિટ લિમિટ વધારાઈ છે. દોઢ કરોડની લોન પણ અપાશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, દેશમાં સાડા ૭ કરોડથી વધુ MSME ઉદ્યોગ છે જેમાં ૨૦ ટકાથી વધુ મહિલા ઉધ્યમીઓ છે. આનાથી મહિલાઓ સ્વયં આત્મનિર્ભર બની ભારતને પણ આત્મનિર્ભર બનાવી રહી છે.

કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું હતું કે આવનાર દિવસોમાં રાજ્યના MSME ઉદ્યોગો વૈશ્વિક કક્ષાએ નામના પ્રાપ્ત કરી વિકસિત ૨૦૪૭ ના નિર્માણમાં સહકાર આપશે.

આ મેળા દ્વારા ઉત્પાદકોને ન્યૂનતમ લાગત પર લઈ જવું, વધુ ગુણવત્તાયુક્ત બનાવવું, ટેકનોલોજીનો ઉપયોગ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

# DANG-ACCIDENT

ડાંગ જિલ્લાના સાપુતારા ખીણમાં આજે વહેલી સવારે થયેલા માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત નિપજ્યાં છે અને ૨૪ લોકો ઇજાગ્રસ્ત થયા છે.

ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે સાપુતારા નજીક એક ખાનગી બસ ૩૫ ફૂટ ઊંડી ખાઈમાં પડી જતાં આ અકસ્માત સર્જાયો હતો. જેમાં બે મહિલા સહિત પાંચ લોકોના મોત નિપજ્યાં છે. ઇજાગ્રસ્તોને સારવાર માટે સુરતની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અકસ્માતની જાણ થતાં સુરતની હોસ્પિટલમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ઇજાગ્રસ્તોની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે આ મુજબ જણાવ્યું હતું.

**(બાઈટ : હર્ષ સંઘવી , ગૃહમંત્રી)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

# WORLD WETLAND DAY

આજે દેશ સહિત સમગ્ર વિશ્વમાં જળ પ્લાવિત દિવસની ઉજવણી થઈ રહી છે. દેશના તમામ વેટલેન્ડનો કુલ ક્ષેત્રફળનો ૨૧ ટકા હિસ્સો ગુજરાત રાજ્યમાં છે જે અન્ય રાજ્યો કરતા સૌથી વધારે છે. આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલ..

*(VOICE CAST :AJAY INDREKAR)*

*આજે સમગ્ર વિશ્વમાં જળ પ્લાવિત દિવસની ઉજવણી થઈ રહી છે ત્યારે આ વર્ષની થીમ "આપણાં સહિયારા ભવિષ્ય માટે જળ પ્લાવિત વિસ્તારોનું સંરક્ષણ" નક્કી કરવામાં આવી છે.*

*રાજ્યમાં વેટલેન્ડસ ૩.૫ મિલિયન હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા છે. જે રાજ્યના ભૌગોલિક વિસ્તારના ૧૭.૮ ટકાનો સમાવેશ કરે છે. ઇસરોના જણાવ્યા મુજબ ગુજરાત રાજ્યમાં ૧૭ હજાર ૬૧૩ વેટલેન્ડસ છે. જે કુલ ૩૪ લાખ ૯૯ હજાર ૪૨૯ હેક્ટર વિસ્તારને આવરી લે છે.*

*દેશમાં ૧૧૫ રાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ જાહેર કરવામાં આવી છે. જેમાંથી નળ સરોવર ,થોળ તળાવ ,કચ્છનું નાનું રણ , કચ્છનું મોટું રણ,નાની કકરાડ ,વઢવાણા ,ખીજડીયા અને પરીએજ સહિત કુલ આઠ રાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ ગુજરાતમાં આવેલી છે.*

*રાજ્યના વેટલેન્ડ સંરક્ષણમાં ગીર ફાઉન્ડેશનનું પણ મહત્વનું યોગદાન છે. ગીર ફાઉન્ડેશન રાજ્યમાં વેટલેન્ડ સંશોધન અને દસ્તાવેજિકરણમાં સક્રિયપણે સંકળાયેલું છે. અજય ઈન્દ્રેકર ,આકાશવાણી સમાચાર ,અમદાવાદ*

# JUNAGADH-AAROHAN-AVAROHAN

જૂનાગઢમાં આજે 17મી રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં 20 રાજયોના 570 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલ..

(VOICE CAST :SANJIV MAHETA,PTC-JUNAGADH)

# NISHA KUMARI-CM

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વડોદરા મેરેથોન સમારોહમાં 16 હજાર કિલોમીટરથી લાંબી સફળ સાયક્લ યાત્રાથી ગુજરાતને ગૌરવ અપાવનારી સિદ્ધિ માટે નિશા કુમારીનું મોમેન્ટો આપીને સન્માન કર્યું હતું.

વડોદરાની દીકરી નિશાકુમારીએ તાજેતરમાં વડોદરાથી લંડનની સાયકલ યાત્રા,મુસીબતોથી હતાશ થયા વગર પુરી કરી હતી. આ યાત્રામાં તેમની સાથે કોચ નિલેશ બારોટે મોટર પ્રવાસ કરીને સાથ આપ્યો હતો. 210 દિવસમાં આ અંતર પૂરું કર્યું હતું.

નિશાએ જણાવ્યું કે આ પ્રવાસને સરળ બનાવવામાં ભારત સરકાર અને વિદેશ વિભાગે ખૂબ સહયોગ આપ્યો હતો.

# JAMNAGAR -SPARDHA

જામનગરમાં અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્રમાં નેત્રહીન ભાઈઓ બહેનો માટે અખિલ ગુજરાત નેત્રહીન ચેસ સ્પર્ધા યોજાઇ હતી. સમગ્ર રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી 80 થી વધુ નેત્રહીન ભાઈઓ બહેનોએ આ સ્પર્ધમાં ભાગ લીધો હતો ,જેના માટે અલગ પ્રકારનું ચેસ બોર્ડ અને પ્યાદા તૈયાર કરવામાં આવ્યા હતા. જેની મદદથી ખેલાડીઓ ચેસ રમી શકયા હતા. આ સ્પર્ધામાં વિજેતાઓને રોકડ પુરસ્કાર તેમજ ટ્રોફી આપવામાં આવી હતી.

# VALSAD-ELECTION

વલસાડ નગરપાલિકાના 11 વોર્ડની કુલ 44 બેઠકો માટે ચુંટણી યોજાઇ રહી છે ત્યારે આજે વોર્ડ નંબર 8 અને 10 માંથી કુલ 4 બેઠકો પર ભાજપ બિનહરીફ જાહેર થઈ છે.

વલસાડ ભાજપ કાર્યાલય ખાતે લોકસભાના દંડક ધવલ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારા અને ધારાસભ્ય ભરત પટેલની હાજરીમાં બિનહરીફ થયેલા ઉમેદવારોને ખેસ પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા.

બાકી રહેલી 40 બેઠકો માટે 4 ફેબ્રુઆરીએ ચુંટણી યોજાશે.